ગાંધીનગર સમાચાર

## ભિલોડામાં રાજ્યકક્ષાનો ૮૪મો યુવા ઉત્સવ યોજાયો

ભિલોડા, તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલયમાં ૪૮મો રાજ્ય કક્ષાનો યુવા ઉત્સવ સ્પર્ધાનો કાર્યક્રમ તા.૮/૧૨/૨૦૧૫ ના રોજ ઉદ્ઘાટન સમારંભ યોજાશે.

આ પ્રસંગે સમારંભ અધ્યક્ષ અને ઉદ્ઘાટક કલેકટર એસ.છાકછુઆક અરવલ્લી જીલ્લા,મયુર ચાવડા ડી. એસ. પી. અરવલ્લી જીલ્લા, ડાૅ.અશોકભાઈ રાવલ જીલ્લા રમત-ગમત અધિકારી અરવલ્લી, હર્ષદભાઈ ઉપાધ્યાય પ્રમુખ જન સેવા સંઘ ભિલોડા, વિષ્ણુંકુવરબા લાલસિંહજી ચૌહાણ સદસ્ય અરવલ્લી જીલ્લા પંચાયત, હસમુખભાઈ મડીયા, મનોજભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, મુકેશભાઈ ત્રિવેદી, કમલેશભાઈ મહેતા સહિત સામાજીક કાર્યકરો, અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહેશે.

## ડીસાના નવા બસસ્ટેન્ડના કેશ રૂમમાંથી ૭.૨૦ લાખની રહસ્યમય ચોરી

પાલનપુર, તા. ૭

ડીસાના નવીન બસ સ્ટેન્ડમાં આવેલા કેશ રૂમમાંથી કોઈ અજાણ્યો ગઠીયો બસોની ટ્રીપની આવકના તિજોરીમાં પડેલા રૂપિયા સાત લાખ વીસ હજાર રૂપિયા આબાદ રીતે ચોરી કરી ઉઠાવી જતા ચકચાર મચેલ છે. જોકે ચોરી કરનાર અજાણ્યા તસ્કરોએ કેશરૂમનું તાળુ તોડ્યા વિના અને તીજોરીનું પણ તાળુ તોડ્યા વિના આ લાખોની રકમ ચોરી કરેલ હોઈ આ કાઈમમાં કોઈ જાણભેદુ હોવાની આશંકાએ ઉત્તર પોલીસ દ્વારા બે શકમંદોની હાલ તપાસ હાથ ધરી છે.

ડીસાના નવીન બસ સ્ટેન્ડમાં આવેલ કેશરૂમમાં ફરજ પરના કેશિયરે જોયું તો અહીં તિજોરીમાં પહેલા બસોની ટ્રીપની આવકની ૭.૨૦ લાખની રકમ કોઈ ઉઠાવી ગયું હતું. જે બાદ આ ચોરીની ઘટનાની ડેપો મેનેજરે ડીસા ઉત્તર પોલીસમથકે જાણ કરતા ડીસા ઉત્તર પોલીસ પી.આઈ. હર્ષવર્ધન રાઠોડ અને ટીમે ઘટનાસ્થળે આવી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. પોલીસે અહી સી.સી. ટીવી ફૂટેજ પણ મેળવ્યા હતા. જો કે આ ચોરીમાં અજાણ્યા ચોર દ્વારા કેશરૂમના તાળા તોડાયા નથી તેમજ રૂમમાં પડેલી તિજોરીના તાળા પણ તોડાયા નથી. ત્યારે આ ચોરી અજાણ્યો તસ્કર કે તસ્કર ગેંગ કેવી રીતે કરી શકી તે એક મોટો સવાલ બન્યો છે. ત્યારે પોલીસે આ ચોરીમાં કોઈ જાણભેદુ હોવાની વ્યાજબી શંકા પોલીસ સેવી રહી છે. જેથી પોલીસે આ મામલે એસ.ટી. ડેપો કેશિયર પી.ડી. દવે તેમજ તેમના મિત્ર અમિતભાઈ મોદીની પુછપરછ હાથ ધરી છે.





## મોડાસામાં સ્વયંમસેવક દળ દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરના પરિનિર્વાણ દિનની ઉજવણી

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસાના ચારરસ્તા પર આવેલા નગરપાલિકાના ટાઉનહોલ ખાતે ૬ ડિસેમ્બર ૨૦૧૫ રવિવારના રોજ સાંજના ૭.૩૦ કલાકે દેશના બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથીએ અરવલ્લી જિલ્લા સ્વયંમ સેવક દળ દ્વારા પરિનિર્વાણના દિવસની કેન્ડલ લાઈટથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોડાસા શહેરના અનુ. જાતિના સામાજીક અગ્રણીઓ, વડીલો, યુવાનો, મહિલાઓ અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## ૧૩ ડિસેમ્બરે મતદારયાદી સુધારણા ઝૂંબેશ યોજાશે

હિંમતનગર, તા. ૭

ભારતના ચૂંટણી પંચ તરફથી મળેલી સૂચના અનુસાર તા. ૧ જાન્યુઆરી ૨૦૧૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીનો મુસદો પ્રસિદ્ધ કરાયો છે. જેમાં કોઈ ભૂલ, સુધારો તથા નવા નામ દાખલ કરવા, કમી કરાવવા તથા એક ભાગમાંથી બીજા ભાગમાં નામ દાખલ કરવા તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ તમામ તાલુકાઓના મતદાન મથકે ઉપસ્થિત અધિકારી પાસેથી મતદારયાદી જોઈ ચકાસી શકાશે અને જરૂર પડે તેમાં ફેરફાર કરવા પણ જરૂરિ વિગતો મળી શકશે.

## ચેક રીટર્ન કેસમાં કાંકણોલના શખ્સને એક વર્ષથી વધુની સજા

હિંમતનગર, તા. ૭

હિંમતનગર પાસે આવેલ કાંકણોલ ગામે રહેતા એક શખ્સે ગામના જ એક ઈસમ પાસેથી અંદાજે એક વર્ષ અગાઉ રૂ. ૮ લાખ ઉછીના લીધા હતા. જેની વારંવાર માંગણી કરવા છતાં આ સખ્સે નાણાં પરત ન કરતા તેમની વિરુદ્ધ હિંમતનગરના ત્રીજા એડી. ચીફ જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે તાજેતરમાં ચાલી જતાં કાંકણોલના આ શખ્સને ન્યાયાધીશે એક વર્ષની સજા ફટકારી હતી. ન્યાયાધીશ નીતા અજયકુમાર ચોકસીએ ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ યશકુમાર પટેલને તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

## પરથીભાઈ ભટોળ સામે થયેલ એફ આઈ આર રદ કરવાની માંગ હાઈકોર્ટે ફગાવી

પાલનપુર, તા. ૭

બનાસ ડેરીના નિયામક મંડળની ચૂંટણીની આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ સહિત ડેરીના ઉચ્ચ અધિકારીઓ સામે રૂ. ૩૫ લાખ ઉપરાંતના સર્વિસ ટેક્ષના નાંણાની ઉચાપત અંગે નોંધાયેલ એફઆઈઆર રદ કરવા પરથીભાઈ ભટોળ દ્વારા હાઈકોર્ટમાં અરજી કરાતા હાઈકોર્ટે તેઓની અરજી ફગાવી માત્ર ચૂંટણી પુરતી જ વચગાળાની રાહત આપી હતી.

બનાસ ડેરીની ચૂંટણીને લઈ જીલ્લાભરમાં સહકારી ક્ષેત્રમાં ભારે ચહલ-પહલ ચાલી રહી છે તેમજ બનાસ ડેરીના તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ સામે ભ્રષ્ટાચારના વ્યાપક આક્ષેપોને પગલે હાઈકોર્ટ દ્વારા સહકારી અધિકારીને સોંપાયેલી તપાસ દરમ્યાન ઓડીટ કરાતા પરથીભાઈ ભટોળ દ્વારા બનાસ ડેરીના વિવિધ કોન્ટાકટરોને અપાયેલા કોન્ટાકટ બદલ ભરવાના થતાં સર્વિસ ટેક્ષના નાંણાની ઉચાપતનો મામલો બહાર આવ્યો હતો. જેમાં કોન્ટાકટરોએ ભરવાની થતી રૂ. ૩૫ લાખ ઉપરાંતની રકમ પરથીભાઈ ભટોળ દ્વારા બનાસ ડેરીમાંથી ભરી કોન્ટાકટરો પાસેથી બારોબાર ઉઘરાણું કરી નાંણાકીય ગેરરીતી કરી ગુનાહિત કૃત્ય કયુર્ં હોવાથી સાબિત થયું હતું. જેથી તત્કાલીન ચેરમેન પરથીભાઈ ભટોળ, બનાસ ડેરીના મેનેજીંગ ડીરેકટર સંજય કરમચંદાણી, ઓ.એસ.ડી. એન. કે. દધીચ અને એ.જી.એમ. મુકેશ મહેશ્વરી સામે મિલ્ક ઓડીટ ઓફીસ પાલનપુરના સ્પેશ્યલ ઓડીટર ટી.સી.રબારીએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

ત્યારે પરથીભાઈ ભટોળ દ્વારા પોતાના સામે થયેલ ફરીયાદ ખોટી રીતે થઈ હોવાનું જણાવી ગુજરાત હાઈકોર્ટમાં એફઆઈઆર રદ કરવા અરજી કરી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટે બન્ને પક્ષના વકીલોની દલીલો સાંભળ્યા બાદ ફરીયાદમાં નાંણાકીય ઉચાપત થઈ હોવાનું તથ્ય જણાતાં તેઓની એફ.આઈ.આર. રદ કરવાની અરજી ફગાવી દીધી હતી. જયારે માત્ર બનાસ ડેરીની ચૂંટણી પુરતી જ વચગાળાની રાહત આપી હતી.

## હિંમતનગરના મોતીપુરામાંથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ આવિષ્કાર કોમ્પ્લેક્ષની બાજુમાં રવિવારે પાર્ક કરેલ બાઈક નં. જીજે-૯-એઆર-૮૨૮૮ની અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે વસંતકુમાર ભગવાનદાસ મકવાણાએ રવિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## દંતોડમાં ખેતરમાં કામ કરતા દંપત્તિને વીજ કરંટ લાગતા પત્નિનું મોત : પતિ હોસ્પિટલમાં

હિંમતનગર, તા. ૭

વિજયનગર તાલુકાના દંતોડ ગામે ખેતરમાં કામ કરતા પટેલ દંપત્તિને વીજ કરંટ લાગતા બંનેને સારવાર માટે ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાં પત્નિનું સારવાર દરમિયાન કરૂણ મોત નિપજતા દંતોડના પટેલ પરિવાર પર આભા ફાટી પડ્યું હતું.

આ અંગે દંતોડ ગામના સરપંચ કિરીટભાઈ સડાતે આપેલી માહિતી અનુસાર દંતોડ ગામે હાથમતી નદી કાંઠે આવેલા વિસ્તારમાં રહેતા રામજીભાી પટેલ તથા તેમના પત્નિ વાલીબેન રામજીભાઈ પટેલ સોમવારે સવારે પોતાના ખેતરમાં કામ કરી રહ્યા હતા. જે સમયે ખેતરના થાંભલા નજીક કામ કરતી વેળાએ રામજીભાઈ અને તેમના પત્નિ વાલીબેનને વીજ કરંટ લાગ્યો હતો. જેની જાણ તેમના સગા-વ્હાલાઓને થતાં રામજીભાઈ અને તેમના પત્નિ વાલીબેનને સારવાર માટે પ્રથમ ચિઠોડા અને ત્યાંથી વધુ સારવાર માટે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાનવાલીબેનનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે રામજીભાઈ અમરાજી પટેલની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.


## પ્રાંતિજમાં માતૃબાળ કલ્યાણ અને રસીકરણ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૭

ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગ મારફતે ગામડાઓમાં



માતૃબાળ કલ્યાણ જનની સુરક્ષા યોજના અને ૦ થી ૫ વરસના બાળકોને રશીકરણ, કસ્તુરબા પોષણ યોજના સહિતની યોજનાઓને ઘરે ઘરે આપવાના શુભ આશયથી સાબરકાંઠા જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં ડોર ટુ ડોર સર્વેક્ષણ અને યોજના અમલીકરણનો તાબડતોડ પ્લાન અમલી બનાવતાં આરોગ્યના ફિલ્ડ વર્કરો સહિતનો સ્ટાફ ગામે ગામ અને ઘરે ઘરે સર્વે કરી આરોગ્યની યોજનાઓ, રશીકરણનો અમલ કરાવી રહ્યો છે. જેમાં ડાયાબીટીસ, કેન્સર, ડિપ્રેશન, વીકલાંગતા,



મેલેરીયા, ટીબીની સારવાર અને સફાઈના કાર્યક્રમો ચાલી રહ્યા છે.

પ્રાંતિજ તાલુકામાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયકના માર્ગદર્શન હેઠળ પોગલુ, બાલીસણા, પ્રાંતિજ, મોયદ, મજરા સહિતના કેન્દ્રોના અંદાજે ૪૦ જેટલા ગ્રામ્ય પ્રદેશોમાં ટીમો દ્વારા કામગીરી ચાલી રહી છે. ત્યારે ગુજરાત રાજ્યના ડૉ. દિનકર રાવલ, ડૉ. નયન જાની સહિતના આરોગ્ય અમલદારોએ પ્રાંતિજ તા.ના. વિસ્તારોની ઓચિંતી મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરતાં પોગલુ પી.એચ.સી.ના ફતેપુર સબ સેન્ટરની મમતા દિવસની ઉજવણીમાં જોડાઈ કામગીરીની સમીક્ષા કરી પ્રભાવિત થઈ ગયા હતા. ડૉ. ચંદ્રીકા જાદવ સહિતની ટીમોની કામગીરી સરાહના કરી હતી. ડૉ. કનોરીયા વગેરેએ આરોગ્યની કામગીરીને બિરદાવ્યા હતા.






## અંબાજીમાં પરશુરામ પરિવારનું સ્નેહમિલન યોજાયું

અંબાજી પરશુરામ પરિવાર સમાજ, અંબાજી દ્વારા તાજેતરમાં અંબાજી ખાતે સ્નેહમિલનનું રીંછડીયા મહાદેવ મંદિરમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પાલનપુર જિલ્લા પંચાયતના અને પાલનપુર નગરપાલિકાના ચૂંટાયેલા ભાજપ કે કોંગ્રેસના જનોઈધારી બ્રહ્મસમાજના આગેવાનો પધાર્યા હતા. આ સંમેલનને સફળ બનાવવા અંબાજી પરશુરામ પરિવારે જહેમત ઉઠાવી હતી.

## ડીસાના નવાવાસમાં પૈસાની લેવડ-દેવડ મામલે ભત્રીજા દ્વારા જ સગા કાકાની કરપીણ હત્યા

પાલનપુર, તા. ૭

ભારતીય દંડ સંહિતા એટલે કે આઈપીસી કલમ ૩૦૨ કાયદામાં અપરાધની સહુથી મોટી સજા અને દંડની જોગવાઈવાળી કલમ છે. જેમાં દોષિત ઠરેલ આરોપીને સક્ષમ કોર્ટ ફાંસી પણ આપી શકે છે. ત્યારે છાશવારે સામાન્ય તકરાર કે વેરભાવથી ઉશ્કેરાટમાં કરાયેલ અપરાધ જ્યારે હત્યા બને છે ત્યારે આ અપરાધ સહુથી મોટો માનવામાં આવે છે, આવો જ એક અપરાધ ડીસામાં નોંધાયો છે. જ્યાં સગા ભત્રીજાએ પોતાના સગા કાકા પાસે પૈસાની માંગણી કરી હતી અને તે બાદ માંગણી ન સંતોષાતા ઉશ્કેરાયેલા



ભત્રીજાએ કાકાના માથામાં ધોકા મારી હત્યા કરી હતી. જો કે ડીસા દક્ષિણ પોલીસે ગણતરીના કલાકોમાં હત્યા કરનાર ભત્રીજાને ઝડપી જેલ હવાલે કરેલ છે.

બનાસકાંઠાના ડીસામાં હત્યાની ઘટના પ્રકાશમાં આવેલ છે. અહી શ્રમજીવી એવા નવાવાસ વિસ્તારમાં રહેતા ૬૨ વર્ષીય વૃદ્ધ ચમનજી કાળુજી ઠાકોરની તેમના ભત્રીજા પંકજભાઈ હીરાભાઈ ઠાકોર દ્વારા હત્યા કરાઈ હોવાનું સ્થાનિક દક્ષિણ પોલીસ મથકના પી.આઈ. આર.કે. પાઠકની તપાસમાં બહાર આવતા આ હત્યારા ભત્રીજાની પોલીસે ઘટનાસ્થળથી જ ધરપકડ કરેલ છે.

આ ઘટનાની વિગત જોઈએ તો ગત રવિવારની મોડી રાત્રે નવાવાસમાં રહેતો અને માનસિક અસ્થિરતાની બીમારીથી પીડાતા પંકજભાઈ હીરાભાઈ ઠાકોર તેના કાકા ૬૨ વર્ષીય વૃદ્ધ ચમનજી કાળુજી ઠાકોર પાસે પહોંચ્યો હતો. જોકે તે બાદ પંકજભાઈ ઠાકોરે તેના કાકા પાસે પૈસાની ઉઘરાણી કરી હતી. જો કે કાકાએ ના પાડતા માનસિક અસ્થિરતાની બીમારીથી પીડાતા પંકજભાઈએ પોતાના કાકાના માથામાં ધોકો મારી તેમનું ઢીમ ઢાળી દીધું હતું. અને જાણે કશુ જ ન બન્યું હોય તેમ મૃતકની હત્યા કરી તેમના મૃતદેહ પર ચાદર ઓઢાડી આ હત્યારો ભત્રીજો ત્યાંથી રવાના થઈ ગયો હતો. જોકે સવારે મોડે સુધી પોતાના નંનદોઈ ચમનજી કાળુજી ઠાકોર ઉભા ન થતા ભીખીબેન મફતલાલ ઠાકોર દ્વારા તપાસ કરતા તેમના નંનદોઈ ચમનજી ઠાકોર લોહી લુહાણ હાલતમાં મરણ ગયેલા હતા. જે બાદની તપાસમાં ખુદ હત્યારા પંકજભાઈ ઠાકોરે ગત રાત્રીએ પૈસાની ઉઘરાણીમાં તેને જ આ હત્યા કર્યાનું કબુલ્યુ હતુ. જે બાદ આ મામલે ડીસા દક્ષિણ પોલીસમથકમાં ભીખીબેનની ફરિયાદ આધારે હત્યારા ભત્રીજા પંકજ વિરૂદ્ધ મર્ડરનો ગુનો નોંધી પોલીસે તેને જેલ હવાલે કરેલ છે.

## ડીસા તાલુકાના ચોરા ગામે ગુજરાત ક્ષત્રીય ઠાકોર સમાજની બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૭

બનાસકાંઠાના ચોરા ગામે ગુજરાત ક્ષત્રીય ઠાકોર દ્વારા મીટીંગ યોજાઈ હતી. જેમાં સમાજના આગેવાનો સહીત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

બનાસકાંઠા જિલ્લામાં અત્યારે કેટલાક ગામોમાંથી દારૂને દેશવટો આપવામાં આવી રહ્યો છે. ત્યારે ગુજરાત ક્ષત્રીય ઠાકોર દ્વારા બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ચોરા ગામે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતુ અને ગામને વ્યસન મુક્ત બનાવવા અને ગામમાં શિક્ષણમાં વધારો થાય તે અંગેની મીટીંગ રાખવામાં આવી હતી. ગામડામાં ચાલતી અંધશ્રદ્ધાથી લોકોને દુર રહેવા જણાવ્યું હતું અને ઠાકોર સમાજમાં ભાઈ ચારો વધે અને એકતા જળવાઈ રહે તે માટે લોકોને અપીલ પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેનાના ગુજરાત પ્રદેશ સલાહકાર પ્રમુખ રાયકરણજી ઠાકોર, ડીસા તાલુકાના પ્રમુખ બચુજી ભાચલવા, ડીસા શહેર પ્રમુખ પ્રવિણજી તેમજ ચોરા ગામના સરપંચ માલાજી ઠાકોર તેમજ ઠાકોર સમાજના વડીલો અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## દેશનાના સૈનિકો, શહિદ સૈનિકોની યાદમાં સશસ્ત્ર સેના ધ્વજ દિન ઉજવણી

મહેસાણા, તા. ૭

જિલ્લા કલેકટરશ્રી લોચન સેહરાએ મહેસાણા જિલ્લામાં ભારતીય સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે સૈનિક કલ્યાણ નિધિમાં આજે પોતાનો વ્યકિતગત ફાળો અર્પણ કરીને સુરક્ષાદળોની રાષ્ટ્રીય સુરક્ષા અને દેશભકિતની સમર્પણ ભાવનાનો ૠણ સ્વીકાર કર્યો હતો.

પોતાના પ્રાણની પરવા કર્યા વિના દેશની સરહદો અને દેશની અખંડીતતા અને સાર્વભૌમત્વનું રક્ષણ કરનાર આપણા દેશના સૈનિકો યુધ્ધ સિવાય કુદરતી પ્રકોપ,માનવસર્જિત આપદાઓ, અકસ્માત તેમજ કાયદો અને વ્યવસ્થા જાણવણી માટે અને નાગરિકોની સહાયતા માટે ખડે પગે ઉભા રહી સતત સમાજ અને દેશની અમુલ્ય સેવા બજાવે છે.

આ શુરવીર સૈનિકોની યાદમાં સશસ્ત્ર સેના ધ્વજદિનની



ઉજવણી દરવર્ષે ૦૭ ડિસેમ્બરે સમગ્ર દેશમાં કરવામાં આવે છે. આ દિવસે આપણે સૌએ આપણા દેશના શુરવીર શહીદ સૈનિકોને યાદ કરી તેઓને ભાવભીની શ્રધ્ધાંજલી આપવાની રહે છે. ૭ મી ડિસેમ્બરના રોજ સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આમ તો ભારત સરકાર અને રાજ્ય સરકારો સેનાની ત્રણેય પાંખના જવાનો, પૂર્વ સૈનિકો અને તેમના પરિવારજનો તેમજ શહીદ સૈનિકોના કુટુંબીજનો માટે અનેકવિધ કલ્યાણ યોજનાઓ સરકારી નાણાંની મદદથી ચલાવે છે. તેમાં દેશના લોકોનું યોગદાન જોડવા અને સરહદના રક્ષકોને દેશ અને સમાજ તેમની સાથે હોવાનો સુખદ અનુભવ કરાવવા ઝંડા દિવસ તરીકે ખૂબ જ જાણીતા આ દિવસથી લોકફાળાનું એકત્રીકરણ એન.સી.સી કેડેટ મદદથી શરૂ કરવામાં આવે છે.

જિલ્લા કલેકટર,જિલ્લા વિકાસ અધિકારી, અધિક કલેકટર,જિલ્લાના અધિકારીઓ અને જિલ્લા સૈનિક કલ્યાણ બોર્ડના અધિકારીશ્રીઓ સૈનિક કલ્યાણ ભંડોળ એકત્રીકરણનો પ્રારંભ કરાવી સશસ્ત્ર સેના ધ્વજ દિવસના પ્રતીક સમાન ધ્વજ ધારણ કર્યો હતો.

## દંતોડના ૧૧૪ વર્ષીય રૂપકાકાનું અવસાન

વિજનયગર તાલુકાના દંતોડ ગામના ૧૧૪ વર્ષીય વરિષ્ઠ નાગરિકનું લાંબી માંદગી બાદ રવિવારે મોત નિપજ્યું હતું. આ અંગે દંતોડ ગામના ચંદુભાઈ ખીમજીભાઈ પટેલના જણાવ્યા અનુસાર દંતોડ ગામના ૧૧૪ વર્ષીય રૂપાજી કાનાજી પટેલનું લાંબી માંદગી બાદ રવિવારે મોત નિપજ્યું હતું.